ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુડા હવે આખા વર્ષનું ભાડું વસુલી પ્લોટનો કબજો આપશે

## બોર્ડ બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો

ગાંધીનગર તા ૨૪

ગુડાને મળેલી અનામતની જમીનને જ્યાં સુધી જાહેર ઉપયોગમાં ન લેવાય કે વેચાણ ન કરવામાં આવે ત્યાં સુધી પડતર રહેતા પ્લોટ ને ભાડા થી ફાળવી આવક ઊભી કરવામાં આવે છે જો કે આમાં જમીન પર ગેરકબજો જમાવાંના કિસ્સા પણ સામે આવે છે આ સ્થિતિ ને ધ્યાનમાં રાખી ગુડા હવે પ્લોટ ભાડે આપવાના મામલે આખા વર્ષનું ભાડું એકસાથે વસૂલશે બોર્ડ બેઠક માં આ મહત્વનો નિર્ણય લેવાયો છે

અગાઉ ગુડાને મળેલી જમીન પર માલિકી હક્કનો દાવો કરવામાં આવતો હોવાના કિસ્સા સામે આવ્યા હતા જ્યારે ગુડાએ ભાડાથી ફાળવેલી જમીનમાં પણ દુકાનો તાણી બાંધીને તેને પણ ભાડેથી આપી દેવાનો મામલો ઉચ્ચ કક્ષાએ પહોચ્યો હતો આ કિસ્સામાં ગુડા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી ત્યારે આવા વિવાદ ટાળવા માટે ગુડા દ્વારા ગુરૂવારે મળેલી બોર્ડ બેઠકમાં જમીન ભાડેથી આપવાના મામલે નવા નિયમ નો અમલ કરાશે ગુડા હસ્તકના પ્લોટ અગાઉ બિલ્ડર્સ, ડેવલપર્સ કે સંસ્થાને વિવિધ હેતુ માટે મહત્તમ ત્રણ વર્ષ માટે ભાડે અપાતા હતા. જ્યારે હવે કડવા અનુભવોને ધ્યાનમાં રાખી ગુડા હસ્તકની જમીન મહત્તમ એક વર્ષ માટે જ ભાડા કરાર અને શરતોને આધિન ભાડે અપાશે જ્યારે પ્લોટ ભાડે આપવાના મામલે પાર્ટી પાસેથી નિયત ભાડાની આખા વર્ષની રકમ વસૂલી કબજો આપવામાં આવશે.



ગાંધીનગરના મુખ્યમાર્ગો વચાળે મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ ચાલી રહ્યુ છે. મેટ્રો રેલને અનુલક્ષી નગરના સર્કલો પણ યથાવત રહે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમાં શહેરના ચ-૫ અને ઘ-૫ સર્કલને અનુલક્ષી સ્પાન વધારવામાં આવશે જેથી સર્કલનુ અસ્તિત્વ યથાવત રહે અને ટ્રાફિકની અવરજવરમાં પણ તકલીફ ઉભી ન થાય હાલ ઘ-૫ સર્કલને અનુલક્ષી જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી છે જો કે આ કામગીરીના અંતે સર્કલ થોડુ નાનુ થઈ જાય તેવી સંભાવના છે. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

# સરગાસણથી કુડાસણ સુધી બન્ને તરફ કાંસ વિસ્તારનુ બ્યુટિફિકેશન કરાશે

## વોક વે, જોગીંગ ટ્રેક, વુડન ફલોરીંગ, ગજેબો ઉપરાંત કાંસમાં સતત પાણી ભરાયેલુ રહે તે મુજબનુ આયોજન પણ કરાશે : નગરજનો અને મુલાકાતીઓને નવો નયનરમ્ય નઝારો મળશે

ગાંધીનગર તા ૨૪

સરગાસણ કુડાસણ વચ્ચે સ્થિત ૧.૫ કી મી ના કાંસ વિસ્તારને અનુલક્ષી નવો નઝારો વિકસાવાશે. આ વિસ્તારમાં બ્યુટીફિકેશન કરવામાં આવશે. હાલ આકર્ષણવિહોણાં ભાસતા આ કાંસ વિસ્તારને નિખારવા માટે ડિઝાઈન પણ તૈયાર કરી દેવામાં આવી છે. આ કાર્યયોજનાના અંતે નાગરિકોને ટહેલવા અને બેસવા માટે વિદેશી પેટર્ન ની જેમ સુંદર જગ્યા ઉપલબ્ધ થશે જયારે બ્યુટિફિકેશનની કામગીરી પાછળ અંદાજિત રૂ ૩.૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. મોડેલ રોડ બનાવાની યોજના સાથે કાંસ વિસ્તારનુ પણ બ્યુટિફિકેશન કરવામાં આવશે જેના અંતે આ વિસ્તારનો નઝારો નયનરમ્ય બનશે.

નવા ગાંધીનગરના વિસ્તારમાં મોડેલ રોડ બનાવાની યોજના હાથ ધરવામાં આવનાર છે. જયારે આ યોજનાને અનુલક્ષી વોક વે પાર્કીંગ સહીતની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે વિવિધ ત્રણ ઠેકાણે મોડેલ રોડ બનાવવા માટે પણ અંદાજિત રૂ ૧૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે મોડેલ રોડની યોજના અન્વયે સરગાસણથી કુડાસણ સુધીના ૧.૫ કી મી ના કાંસ વિસ્તારમાં હવે નવતર ઢબે બ્યુટિફિકેશન કરવામાં આવશે. જયારે રક્ષાશકિત સર્કલથી ખ-૦ માર્ગ પર વર્ષો જુની પાણીના નિકાલ માટેની લાઈન કાંસના લીધે યથાવત રાખીને આ અન્વયે બ્યુટિફિકેશનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી રહી છે. ડિઝાઈન તૈયાર કરવાનુ કામ એચ સી પી કંપનીને સોંપવામાં આવ્યુ છે. આ કાંસ વાવોલથી હડમતીયા,સરગાસણ અને ત્યાંથી કુડાસણ તરફ આગળ જાય છે. જયારે હવે મોડેલ રોડની સાથે આ કાંસને પણ નવતર રીતે વિકસાવાની યોજના પર ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. જે અન્વયે આશ્કા હોસ્પિટલથી કુડાસણ વિસ્તારમાં કાંસની બન્ને બાજુ વિદેશી લોન નિખરશે. જયારે રંગબેરંગી ફુલોની રોનક પણ જોવા મળશે. જયારે કાંસ વિસ્તારમાં પણ પાણી ભરાયેલુ રહે તે મુજબ આયોજન કરવામાં આવશે. જયારે કાંસ વિસ્તારને અનુલક્ષી વોક વે વુડન ફલોરિંગ, ગજીબો તેમજ બેસવા માટે ખુરશીઓની પણ વ્યવસ્થા કરવામાં આવશે. જોગીંગ ટ્રેક અને હરિયાળી લોનથી પણ વિસ્તારની રોનક નિખરી ઉઠશે. મોડેલ રોડના લીધે સમગ્ર વિસ્તારની કાયાપલટ થશે ત્યારે કાંસ વિસ્તારના બ્યુટિફિકેશનના લીધે પણ આ વિસ્તારનો નઝારો નયનરમ્ય બનશે. જેના લીધે બહારથી આવતા પ્રવાસીઓ તેમજ સ્થાનિકો પણ કાંસ વિસ્તારના બ્યુટીફિકેશનને અનુલક્ષી આકર્ષાશે.

# અંબાપુરની વાવની રોનક નિખરશે : ૩ કરોડના ખર્ચે બગીચો બનાવાશે

## અંબાપુરની વાવ પાસે ૭૩૮ ચો.મી.માં બગીચો વિકસાવાશે : દેશ-વિદેશના પ્રવાસીઓની સંખ્યામાં પણ વધારો થશે

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકામાં નવા ભળેલા વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે મહાનગરપાલિકા દ્વારા નવતર અભિગમ અપનાવાયો છે સેક્ટરોમાં જેમ બગીચાનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે તેમ નવા વિસ્તારમાં પણ ગ્રીન સિટીનો કોન્સેપ્ટ અપનાવાયો છે . આ અન્વયે દક્ષિણ ઝોનના અંબાપુર વિસ્તારમાં વાવને ડેવલોપ કરવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી છે. અંબાપુર ગામની વાવની બાજુમાં રૂપિયા ત્રણ કરોડના ખર્ચા ઉદ્યાન તૈયાર કરવામાં આવશે. જેના લીધે આ વિસ્તારની રોનક નિખરી ઉઠશે.અંબાપુરની વાવ પાસે ૭૩૮ ચો. મીટરમાં બગીચો બનાવવામાં આવશે. જેમાં બાળકો માટે રમત-ગમતના સાધનો, પાણીની ટાંકી, સોલાર એલ.ઈ.ડી. લાઈટ, સોલાર પેનલ સાથેનો ગજીબો, ટોઈલેટ વગેરે જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે ગાંધીનગર, અમદાવાદ આવતા દેશ-વિદેશના તેમજ સ્થાનિક પ્રવાસીઓ માટે અડાલજ વાવ ઉપરાંત અંબાપુર વાવને એક નવી પુરાતત્વ સાઈટ મળશે તથા સ્થાનિક રોજગારી સહિત પ્રવાસીઓની સંખ્યામાં વધારો થશે. વાવને ફરતે બગીચો બનાવવાથી આ વિસ્તારનું સૌંદર્ય નિખરી ઉઠશે.મહાનગરપાલિકા દ્વારા શહેરના સેક્ટરોમાં પણ તબક્કાવાર બગીચાનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે જે અન્વયે અત્યાર સુધીમાં ૧૮ થી પણ વધુ બગીચા તૈયાર કરી દેવાયા છે જ્યારે હાલ નવા ૧૦ બગીચાનું કામ પ્રગતિ હેઠળ છે ત્યારે સેક્ટરોની સાથે હવે મહાનગર પાલિકાના નવા વિસ્તારમાં પણ ઉદ્યાનોની રોનક નિખરશે જેના અંતે વાવ ની બાજુમાં પણ નમૂનારૂપ બગીચો આકર્ષણનું કેન્દ્ર બનશે.

# રાંધેજા-પેથાપુર ડ્રાફટ ટી.પી. સ્કીમ ૩૮ તૈયાર

## ટુંકમાં મંજુરી અર્થે સરકારને મોકલાશે : મહાનગરપાલિકાની ત્રણ ડ્રાફટ ટી પી સ્કીમને દોઢ વર્ષથી સરકાર કક્ષાએ પેન્ડીંગ

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકાના વિસ્તરણના અંતે નવા વિસ્તારના વિકાસ માટે કોર્પોરેશન કક્ષાએથી ટી પી સ્કીમો ઝડપથી તૈયાર કરવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જો કે સરકારે ટાઉન પ્લાનીંગ સ્કીમોને સમયસર મંજુરી આપવાની કામગીરીમાં ઢીલ થઈ રહી હોવાનુ સામે આવ્યુ છે. મહાનગરપાલિકાની ત્રણ ડ્રાફટ સ્કીમો દોઢ વર્ષથી સરકારમાં મંજુરીના અભાવે પેન્ડીંગ છે. જયારે ટુંકમાં ટી પી સ્કીમ નં -૩૮ રાંધેજા પેથાપુર પણ મંજુરી અર્થે સરકારને મોકલવામાં આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાનુ વર્ષ ૨૦૧૯ માં હદ વિસ્તરણ થયુ હતુ જયારે આ વેળાએ ગુડાના ૧૮ ગામો ટીપી વિસ્તાર પેથાપુર ગ્રામ પંચાયત નગરપાલિકાને ગાંધીનગર કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ કરી દેવામાં આવી હતી જયારે ગુડા દ્વારા પણ અગાઉ ટાઉન પ્લાનીંગ સ્કીમ તૈયાર કરવામાં આવી હતી. જયારે મહાનગરપાલિકાના વિસ્તરણ બાદ પણ ટાઉન પ્લાનીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે નવા વિસ્તારનો સમાવેશ થયા બાદ આ વિસ્તાર શહેર સમકક્ષ સુવિધાઓથી સજ્જ થાય તેની પણ વાટ જોવાઈ રહી છે. જયારે આ સ્થિતિને ધ્યાનમાં રાખી મહાનગરપાલિકા કક્ષાએથી પણ વિવિધ ત્રણ ટી પી સ્કીમ પણ તૈયાર કરવામાં આવી હતી. જયારે આ ટી પી ને મંજુરી માટે સરકારને પણ સુપ્રત કરવામાં આવી હતી જો કે આ અન્વયે હજુ મંજુરી આપવામાં આવી નથી. કોર્પોરેશન દ્વારા રાંધેજા પેથાપુરની ટી પી સ્કીમ નં-૩૮નો ડ્રાફટ પણ તૈયાર કરી દેવાયો છે. જયારે આ ટી પી સ્કીમની દરખાસ્ત પણ નજીકના દિવસોમાં સરકારને મોકલવામાં આવશે. જયારે મહાનગરપાલિકા કક્ષાએ વધુ ત્રણ ટી પી સ્કીમ તૈયાર કરવા માટે પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. મહાનગરપાલિકા કક્ષાએથી ટી પી તૈયાર કરવાની કામગીરી ઝડપી કરવામાં આવી છે. પરંતુ સામે મંજુરીના વાંકે વિકાસ કામમાં પણ મંદ ગતિ આવી છે. સરકાર કક્ષાએ પેન્ડીંગ હોય તેવી ટી પી સ્કીમમાં ટી પી ૩૦ પોર અંબાપુર કુડાસણ, ટી પી ,ટી પી ૨૪ રાંધેજા પેથાપુરનો સમાવેશ થાય છે. ૨૯ તારાપુર, ઉવારસદ અડાલજનો સમાવેશ થાય છે. જયારે ટી પી ૩૮ અન્વયે ૨૧૮ હેકટર વિકસિત કરવાનુ આયોજન કરાયુ છે. કોર્પોરેશન કક્ષાએ તૈયાર કરાયેલી ટી પી સ્કીમ ૩૮ માં ૨૧૮ હેકટર વિસ્તારનુ ડેવલપમેન્ટ કરી બગીચાઓ, કોર્મશિયલ કોમ્પલેક્ષ, શાળાઓ અને હોસ્પિટલ , આવાસો ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

# પાલજમાં ટી.પી. સ્કીમ ૩૨ને મંજુરી બાદ હવે વિકાસને વેગ મળશે

## ગુડા ને રહેણાક અને વાણિજ્ય હેતુ માટે નવા ૧૨ પ્લોટ ઉપલબ્ધ થશે : બોર્ડ બેઠકમાં પરામર્શ ના અંતે મહત્વનો નિર્ણયો લેવાયા

ગાંધીનગર, તા.૨૪

પાલજ ગામ વિસ્તારમાં નવી ટીપી સ્કીમ નંબર ૩૨ અન્વયે ૬ મહિના અગાઉ મુસદ્દારૂપ નગર રચના યોજનાને સરકારની મંજુરી બાદ હવે ટીપીઓની કામચલાઉ દરખાસ્તને મંજુર કરવામાં આવી છે. જેથી હવે ગુડાને રહેણાંક અને વાણિજ્ય હેતુ માટેના ૫ એમ ૧૨ અનામતના પ્લોટ ઉપલબ્ધ થશે આ જમીનનું કુલ ક્ષેત્રફળ ૮૮ હજાર ચોરસ મીટર ઉપરાંત થાય છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળની ગુરૂવારે મળેલી બોર્ડ બેઠકમાં આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ગુડાની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નંબર ૩૨ ને અનુલક્ષી ટાઉન પ્લાનિંગ ઓફિસર કક્ષાએ થી બોર્ડ બેઠકમાં કામચલાઉ દરખાસ્તો રજુ કરાઈ હતી. આ તબક્કે ગુડા ને સંપ્રાપ્ત થતાં જમીનના અંતિમ ખંડોની ફાળવણી અને રસ્તાઓના માળખા સહિતની માહિતી આપવા ઉપરાંત દરખાસ્તોની યોગ્યતા અંગે પણ પરામર્શ થઈ હતી . પાલજ ની ટી પી સ્કીમ નં ૩૨ની દરખાસ્તમાં રસ્તાઓનું માળખુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. નગર ફરતે વધતા ટ્રાફિક મામલે માર્ગોને પહોળા કરવાની યોજના સરકાર કક્ષાથી જ હાથ ધરાઈ છે. હવે આ નવી ટીપીના વિસ્તારમાં ૧૮ મીટરથી ઓછા પહોળા રસ્તા નહી થાય પરંતુ ૪૫ મીટર સુધીના પહોળો મુખ્ય માર્ગનું આયોજન છે . ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળને નવી ટીપીમાં વિવિધ હેતુ માટે ૧૨ પ્લોટ મળ્યાં છે. તેમાં વેચાણ માટે રહેણાંક

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડા જવાના રૂટમાં સાબરમત્તી નદી પર નવો ફોરલેન બ્રિજ બાંધવામાં આવશે

## હયાત બ્રિજની બાજુમાં નવો ફોરલેન બ્રિજ તૈયાર કરવા ૬૦ કરોડનો ખર્ચ કરાશે : બોટલનેક ટ્રાફિકની સમસ્યા ડામવા માટે બાજુમાં નવો બ્રિજ બનાવાશે : આગામી બે મહીનામાં કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૪

જયારે ચિલોડા જવાના રૂટમાં હાલ ચાર માર્ગીય બ્રિજ હયાત છે. જયારે આ બ્રિજની બાજુમાં જ નવો ફોરલેન બ્રિજ તૈયાર કરવામાં આવશે. આ યોજનાને અનુલક્ષીને સાબરમત્તી નદીના બ્રિજ પર ચિલોડાથી જ-૭ વાયુસેના સર્કલ વચ્ચેના વિસ્તારમાં ૪૦૦ મીટરનો એપ્રોચ તૈયાર કરાશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે કામગીરીને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે કાર્યયોજનાના અંતે ગાંધીનગર થી ચિલોડા તેમજ ચિલોડાથી ગાંધીનગર માટે નવો રસ્તો મળશે. આ બ્રિજ હાલ સાંકડો છે. જયારે આગળ જતો રસ્તો સિકસલેન હોવાના લીધે બ્રિજ પર બોટલનેક ટ્રાફિક જાવા મળે છે. બ્રિજ નિર્માણના અંતે આ વિસ્તારમાં બોટલનેક ટ્રાફિકની સમસ્યાનો પણ અંત આવશે.

ગાંધીનગરમાં રોડ એન્જિયરીંગમાં બદલાવ જોવા મળી રહ્યો છે. દાયકાઓના અંતે વાહનોની સંખ્યા વધતા શહેરમાં પણ હવે મેગાસીટી જેવો ટ્રાફિક સિનારીયો જોવા મળી રહ્યો છે. જયારે શહેર આસપાસ જિલ્લાને જોડતા માર્ગોનુ પણ વાઈડનીંગ અને રીસરફેસીંગ કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ચિલોડા થી સરખેજ જતા માર્ગને અનુલક્ષીને પણ રૂટમાં આવતા વિવિધ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરવામાં આવ્યા છે. જેના લીધે શહેરના પ્રવેશદ્વાર ઘ-૦ અને સરગાસણ ચોકડી પાસે પણ ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવ્યા બાદ ટ્રાફિકની સમસ્યા હલ થઈ છે. ગાંધીનગર અમદાવાદ સાથે જોડાયેલા એસ જી હાઈવેને અનુલક્ષીને પણ ક્રોસ જંકશન પર ટ્રાફિક જામ વાહનચાલકો માટે શિરદર્દ સમાન બન્યો હતો જો કે મહદઅંશે હવે તેનુ નિરાકરણ આવી ગયુ છે. થોડા સમય અગાઉ રક્ષાશકિત સર્કલ પર ઓવર બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો છે. જયારે આગળ આ રૂટમાં એપોલો સર્કલ પાસે પણ કેબલ સ્ટેઈડ બ્રિજનુ કામ ચાલી રહ્યુ છે. જેના લીધે શહેર તેમજ આસપાસના વિસ્તારમાં છેલ્લા એક દાયકાથી બદલાતા ટ્રાફિકના સિનારીયોના લીધે જટીલ બનતી ટ્રાફિકની સમસ્યા હલ થઈ છે. જયારે હવે ચિલોડા તરફ જવાના રૂટ પર વાયુસેના સર્કલથી આગળ સ્થિત બ્રિજને પણ અપગ્રેડ કરવામાં આવશે અલબત્ત આ વિસ્તારમાં સાબરમતી નદી પર હાલ હયાત ચાર માર્ગીય બ્રિજ છે. જયારે આ વિસ્તારમાં બ્રિજ ચારમાર્ગીય હોવાની સાથે આગળનો રસ્તો સિકસલેન હોવાથી બ્રિજ પર વાહનોની અવરજવર જોખમી બને છે. જેના લીધે સામસામે પસાર થતા વાહનો ગમે ત્યારે અકસ્માતનો ભોગ બને તેવી પણ દહેશત છે. જયારે સાંકડા બ્રિજ પર બોટલનેક ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેને નિવારવા માટે ઓવરબ્રિજ તૈયાર કરવાનુ

● અનુસંધાન પાન-૭ પર




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અન્વયે વર્ષ ૨૦૨૩ ની આંતરરાષ્ટ્રીય મેલેટ્સ વર્ષ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જયારે આ અન્વયે આ મહીલા અને બાળ વિભાગ દ્વારા ઝોન કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મિલેટસ વાનગી સ્પર્ધાનુ પેથાપુર ખાતે આયોજન કરવામાં આવ્યુ હતુ. મંત્રી ભાનુબેન બાબરીયા, મેયર હીતેશ મકવાણાએ હાજરી આપી આંગણવાડીની બહેનોને પ્રોત્સાહીત કરી હતી. જયારે આ તબક્કે વિજેતાઓને પણ સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે મેયરે જણાંવ્યુ હતુ કે આપણે સૌ મિલેટ્સને દૈનિક ખોરાકમાં સામેલ કરીને વારસાને આગળ વધારવો જોઈએ. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

# એક્ટિવાની ચોરીના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૩ વર્ષની સજાનો આદેશ

## ચોરીના એકિટવાનો ઉપયોગ ખુન જેવા ગંભીર ગુન્હામાં થયો હતો : સરકારી વકીલ ચિરાગ દવે

ગાંધીનગર તા ૨૪

કોબા ગામની સીમમાંથી એક્ટિવાની ચોરી કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૩ વર્ષની સાદી કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આરોપીએ કોબા ગામની સીમમાંથી એક્ટિવાની ચોરી કરી હતી. જયારે આ એક્ટિવાનો ઉપયોગ ખુન જેવા ગંભીર ગુન્હામાં પણ થયો હોવાની હકીકત સામે આવી હતી. સરકારી વકીલે પણ કોર્ટ સમક્ષ આ અનપ્રેસિડન્ટ ચોરીનો કેસ હોવાનુ જણાંવી સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા માટે જણાંવ્યુ હતુ.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર મુળ પાલી જિલ્લા રાજેસ્થાનના રહેવાસી અને ચાંદખેડામાં રહેતો મદનલાલ ઉર્ફે વિશાલ ઉર્ફે મુકેશ મોનીશ ભવરલાલ નાયકે તા ૫ જાન્યુઆરી વર્ષ ૨૦૧૯ ના રોજ ૫ :૩૦ થી ૬ વાગ્યના અરસામાં કોબા ગામની સીમમાંથી એક્ટિવા નં જી જે ૧૮ ડી સી ૭૯૪૬ કીંમત રૂ ૪૫ હજાર ની ચોરી કરી હતી. જયારે આ બનાવ સંદર્ભે ફરિયાદી હર્ષદભાઈ ભરતભાઈ પેટેલે ઈન્ફોસિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આરોપી મદનલાલ ઉર્ફે વિશાલ ચોરી કરી પકડાઈ ગયો હતો. આ કેસ સંદર્ભે ગાંધીનગરની કોર્ટમાં ચાર્જશીટ રજુ થયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર


હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ



સ્વ. રાજ પ્રવિણભાઈ ચૌધરી
(ગામ-બોરીયાવી)

પ્રવીણભાઈ ચૌધરીના સુપુત્ર અને શહેરના આશાસ્પદ ભવિષ્ય ધરાવતા યુવાન સદ્‌ગત રાજ પ્રવીણભાઈ ચૌધરીના અણધાર્યા અને આકસ્મિક દુ:ખદ અવસાન પરત્વે અમે ઉંડા દુ:ખ અને ઘેરા શોકની લાગણી અનુભવીએ છીએ. અને સદ્‌ગતના કુટુંબીજનો પર આવી પડેલા આ અણચિંતવ્યા દુ:ખને સહન કરવાની શક્તિ આપે અને સદ્‌ગતના આત્માને ચિર:શાંતિ અર્પે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના....

લિ.
રીટાબેન પટેલ
ધારાસભ્ય, ગાંધીનગર (ઉત્તર)
કેતનભાઈ પટેલ
અગ્રણી બિલ્ડર



સદ્‌વિચાર પરિવાર સંચાલિત
હિરાલક્ષ્મી ભીખાલાલ બેંકર દિવ્યાંગ પુનઃવસન કેન્દ્ર, ઉવારસદ, તા.જી. ગાંધીનગર.

અમારી સંસ્થામાં નીચે મુજબના કોર્સ ભણાવી શકે તેવા ઇન્સ્ટ્રકટરની જરૂરીયાત છે.

(૧) CCC સર્ટિફિકેટ કોર્સ, MS Office સોફ્ટવેર સારી રીતે શીખવી શકે તેવા કોમ્પ્યુટર વિષયના જાણકાર.
(૨) Tally Prime Software (શીખવે તેવા અનુભવી એકાઉન્ટ ગ્રેજ્યુએટ અને કોમ્પ્યુટર જાણકાર.
(૩) ઓફસેટ પ્રિન્ટીંગ શીખવી શકે તેવા યોગ્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઇન્સ્ટ્રકટર.

અરજી કરો skdviklangschool@gmail.com e-mail પર વિગતો સાથે દિન. ૧૦માં મોકલવી. આ કામગીરી પાર્ટ ટાઈમ છે. પગાર લાયકાત - અનુભવ મુજબ મળશે.



જાહેર નિવિદા

૧૫માં નાણાપંચ હેઠળ ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે કાર્યરત કરવાના અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (HWCs) ખાતે કરાર આધારિત મંજુર થયેલ સ્ટાફનર્સની જગ્યાઓ ૧૧ માસના ફિક્સ મહેનતાણાની ભરવાની થતી હોઈ લાયકાત ધરાવનાર ઉમેદવારોએ તા. ૨૮/૮/૨૦૨૩ સવારે ૧૧:૦૦ કલાકથી ૦૧:૦૦ કલાકે તથા ત્યારબાદ દર મહિનાના પહેલા સોમવારના સવારે ૧૧:૦૦ કલાકથી ૦૧:૦૦ કલાકના રોજ વૉક ઈન ઈન્ટરવ્યુમાં હાજર રહેવા આથી જાણ કરવામાં આવે છે.

નોંધ : સદર અર્બન હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (HWCs) ખાતે ઓપીડી સમય સવારે ૯:૦૦ કલાકેથી બપોરે ૧:૦૦ સુધી અને સાંજે ૫:૦૦ કલાકથી રાત્રે ૯:૦૦ કલાક સુધી રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ |
|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ<br>માસિક ફિક્સ પગાર રૂ. ૧૩,૦૦૦/- | ● ઉમેદવારે ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી B.Sc. (નર્સિંગ) પાસ કરેલ હોવું જોઈએ તથા ઉમેદવારે ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ.<br>અથવા<br>● ઉમેદવારે ભારતીય નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી જનરલ નર્સિંગ અને મિડવાઈફરીનો ડિપ્લોમાં પાસ કરેલ હોવું જોઈએ તથા ઉમેદવારે ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવું જોઈએ.<br>● માન્ય સંસ્થામાંથી CCC/CCC+ લેવલનો કોમ્પ્યુટર કોર્ષ કરેલ હોવો જોઈએ.<br>● ૪૫ વર્ષથી વધુ ઉંમર ન હોવી જોઈએ. |

શરતો અને નિયમો :-

પસંદગી અંગેની તેમજ ઈન્ટરવ્યુ અંગેની તમામ સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીને અબાધિતરહેશે. ઉપરોક્ત માન્ય લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં અરજી પત્રકમાં તથા છેલ્લા વર્ષની માર્કશીટ, તથા એટેમ્ટ / ટ્રાયલ સર્ટીફિકેટ, યુનિવર્સિટીનું સર્ટીફિકેટ, ધોરણ-૧૨ની માર્કશીટ તથા ટ્રાયલ સર્ટીફિકેટ, સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ, ઉમેદવારના તાજેતરના બે પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, અનુભવનું પ્રમાણપત્ર વગેરે સાથે જરૂરી દસ્તાવેજોની સ્વયં પ્રમાણિત નકલ તેમજ અસલ પ્રમાણપત્રો સાથે નિમ્ન સ્થળે અને સમયે રાખેલ વૉક ઈન ઈન્ટરવ્યુમાં રસ ધરાવતા ઉમેદવારને હાજર રહેવા આથી જાણાવવામાં આવે છે.

નોંધ : જાહેરાતને સંબંધિત અન્ય તમામ માહિતી ઈન્ટરવ્યુના દિવસે રૂબરૂ આપવામાં આવશે.

વોક ઈન્ટરવ્યુ :

સ્થળ : બહુમાળી ભવન, આરોગ્ય શાખા, પ્રથમ માળ, મધ્ય ઝોન કચેરી, સેક્ટર-૧૧, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર

મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ
ગાંધીનગર મહાનગરપાલિકા


Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : જેકે વિઝન મિડિયા પ્રાઈવેટ લિમિટેડ વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર, જી. અમદાવાદ ખાતે છાપ્યું અને બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. કાર્યવાહક તંત્રી : મયુર જી. પટેલ, ફોન : ૨૩૨૨૨૫૭૧, મો. ૯૮૭૯૭૯૭૮૮૪, E-mail : gandhinagarsamachar@gmail.com